ખેલ ખેલ રે ભવાની મા, જય જય અંબે-માં... જય જય અંબે-મા...ખેલ ખેલ રે ભવાનીમાં જયજય અંબે-મા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૨૧ | ૨૧ ઓક્ટોબર, ૨૦૧૫, બુધવાર ; આસો સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

MAS
નવરાત્રી ધમાકા
આપના પોતાના ઘરનું સ્વપ્નું હવે થશે સાકાર
➜ હોમ લોન
➜ રીનોવેશન લોન
➜ એક્ષટેન્શન લોન
આસાન શરતો • ઝડપી એપ્રુવલ
આપનું મનપસંદ દુ-વ્હીલર વસાવો
0%* ના વ્યાજ દરે
કેશ લોન
10 હજારથી 75 હજાર સુધી
ફક્ત 3 દિવસમાં
શોપ લોન
દુકાનની વેલ્યુએશનના 50% સુધી લોન મેળવો
મશીનરી લોન
મશીનની કિંમતનાં 80% સુધી લોન
CNC, VMC અને પ્લાસ્ટીક ઈન્જેક્શન મોલ્ડીંગ મશીન પર મેળવો લોન
*શરતોને આધિન.
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ
—જે સમજે આપના અમૂલ્ય સ્વપનાનું મુલ્ય—
ગાંધીનગર : ૦૭૯-૨૩૨૬૧૧૫૫
કડી : ૦૨૭૬૪-૨૪૦૨૩૨,૬૫૦૧૧૫
મહેસાણા :૦૨૭૬૨-૨૪૪૮૬૪,૩૧૧૮૨૪
ઈડર : ૦૨૭૭૮-૩૨૬૬૨૦
હિંમતનગર : ૦૨૭૭૨-૬૯૮૨૦૨
9904301350/51

## ફટાફટ ન્યુઝ

- પંજાબમાં આર્મી જવાને ચારની ઘાતકી હત્યા કરી
- ઉબેર રેપ કેસમાં ડ્રાઇવર શિવકુમાર દોષિત જાહેર
- કોમવાદનો અંત લાવીને દુર્ગા પુજા મનાવવા લાલુનું સુચન
- કોમવાદી પરિબળોની વિરુદ્ધ વિપક્ષ સંગઠીત થશે : કોંગ્રેસ
- કઠોળની કિંમત મુદ્દે નિતિશ ઉપર કેન્દ્રના આકરા પ્રહારો
- ભારતભરમાં બીફ ઉપર પ્રતિબાંધની બાબારી મસ્જિદના હાસિમની માંગ
- અકરમ, શોએબ મુંબઈમાં કોમેન્ટ્રી બોક્સમાં નહીં રહે

# ભારત-પાક ક્રિકેટ શ્રેણીની શક્યતા નથી

**શ્રેણી યોજવાના પ્રયાસોને વિરોધ પ્રદર્શનના કારણે મોટો ફટકો : પીસીબીના વડા શહરયાર ખાન સાથે રાજીવ શુક્લાની અનૌપચારિક વાતચીત થઈ પરંતુ અંતિમ નિર્ણય બન્ને દેશોના ક્રિકેટ બોર્ડ વચ્ચે વાતચીત બાદ લેવાશે**

નવી દિલ્હી,તા. ૨૦ ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલમાં કોઈપણ શ્રેણી યોજવા સામે સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. બન્ને દેશો વચ્ચેની શ્રેણીની શક્યતા દેખાઈ રહી નથી. મળેલી માહિતી મુજબ, ડિસેમ્બર મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ શ્રેણી રમાશે નહીં. બીસીસીઆઈ અને પીસીબી વચ્ચેની વાતચીતને મોકુફ કરી દેવામાં આવી છે.બે ક્રિકેટ બોર્ડ વચ્ચેની વાતચીત અચોક્કસ મુદત માટે મોકુફ કરી દેવામાં આવી છે. દરમિયાન આઈપીએલના ચેરમેન રાજીવ શુક્લા આજે દિવસમાં પીસીબીના વડા શહરયાર ખાનને મળ્યા હતા. દિલ્હીમાં આ વાતચીત યોજાઈ હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, લોકોએ એવા તારણ ઉપર પહોંચવું જોઈએ નહીં કે ટૂંકમાં શ્રેણીની શક્યતા નથી. ભારત અને પાકિસ્તાન વચ્ચે શ્રેણી યોજવાને લઈને પ્રયાસ ચાલી રહ્યા છે. શુક્લાએ બેઠક બાદ વાતચીત કરતા કહ્યું હતું કે, આ માત્ર ઔપચારિક્તા જેવી વાતચીત હતી. અમે વિવિધ બાબતોની આપ લે કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

**જોબનીયું આજ આવ્યું ને કાલ જાશે, જોબનીયાને.... બસ હવે તો ગરબા અમને ઘુમવા જ દ્યો...**





## બજારમાં તેજી પર બ્રેક

મુંબઈ,તા. ૨૦

શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી તેજી પર આજે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે સેન્સેક્સ ઘટીને બંધ રહ્યો હતો. મેટલ અને ઓઈલના શેરમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. યુરોપિયન બજારમાં પણ કારોબારની નબળાઈ સાથે શરૂઆત થઈ હતી. જોકે, પસંદગીના ઓટો અને આઈટીના શેરમાં લેવાલી જામી હતી. સેન્સેક્સ કારોબારના અંતે ૫૮ પોઈન્ટ ઘટીને ૨૭૩૦૭ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૩ પોઈન્ટ ઘટીને ૮૨૬૨ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૮૨૫૦ની સપાટીને જાળવવામાં સફળ રહ્યો હતો. શેરબજારમાં ભારે ઉથલપાથલના દોર માટે કેટલાક પરિબળો સ્પષ્ટપણે જવાબદાર રહ્યા છે. બ્રોડર માર્કેટમાં પણ હજુ આઉટ પર્ફોમની સ્થિતિ રહી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૨-૦.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો.

## વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની હોલ ટિકિટોનું આવતીકાલથી વિતરણ થશે

અમદાવાદ, તા.૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૩૦મી ઓક્ટોબરથી ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષા લેવામાં આવનાર છે. ત્યારે આ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરનાર વિદ્યાર્થીઓની હોલ ટીકીટનું વિતરણ આવતીકાલે કરવામાં આવશે. જેથી રાજયની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તાર માધ્યમિક શાળાનાં આચાર્યોએ આવતીકાલે સવારે ૧૧:૦૦ થી ૪:૦૦ કલાક દરમિયાન પોતાના પ્રતિનિધિને જિલ્લા વિતરણ કેન્દ્ર ખાતે મોકલીને પોતાની શાળાના વિદ્યાર્થીઓની હોલ ટીકીટો મેળવી લેવાની રહેશે. પોતાની શાળાનાં વિદ્યાર્થીઓની હોલ ટીકીટ મેળવવા માટે ઉમેદવારે જિલ્લા વિતરણ કેન્દ્ર ખાતે શાળાનું મુખત્યારપત્ર ફરજીયાત પણે રજુ કરવાનું રહેશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓની હોલ ટીકીટ આપવામાં આવશે, આ હોલટિકીટ મેળવ્યા બાદ તેનાં પર શાળાનાં આચાર્યનાં સહી સિક્કા કરીને તેને વિદ્યાર્થીઓમાં વિતરણ કરવાનું રહેશે. આ હોલ ટીકીટ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષા દરમિયાન ફરજીયાત પણ સાથે રાખવાની રહેશે.

# મધુર ડેરીના ચેરમેનપદે શંકરસિંહ રાણાની સતત પાંચમી વાર વરણી

**બિનહરિફ વરણી થતાં અભિનંદનની વર્ષા : ૨૪ ઓક્ટોબરે બપોરે ૧૨.૩૯ કલાકે શુભ મુર્હુતમાં ચેરમેન પદનો ચાર્જ સંભાળશે : વિઝન-૨૦૨૦ને અનુલક્ષી સૌનો સાથ - સૌનો વિકાસના અભિગમ સાથે પશુપાલકો અને ગ્રાહકોના વિશ્વાસને પરિપૂર્ણ કરવા પ્રયત્ન કરીશું : ડૉ. શંકરસિંહ રાણા**



ગાંધીનગર તા ૨૦ ગાંધીનગર જિલ્લા સરકારી દુધ ઉત્પાદક સંઘ લી મધુર ડેરીના ચેરમેન તરીકે ડો શંકરસિંહ રાણાની બિનહરિફ વરણી કરવામાં આવી છે. ડો શંકરસિંહ રાણાની સતત પાંચમી વખત ચેરમેન તરિકે વરણી કરવામાં આવી છે. પશુપાલકો જ નહીં પરંતુ ૩ લાખ ગ્રાહકો પણ સહકારી માળખામાં સચવાય તે દિશામાં પણ વિશેષ ધ્યાન આપવાનુ હોવાનુ તેમણે આ તબક્કે જણાંવ્યુ હતુ. ડો રાણા તેમજ તેમનુ નિયામક મંડળ વિઝન-૨૦૨૦ને અનુલક્ષી સૌનો સાથ સૌનો વિકાસના અભિગમ સાથે પશુપાલકોએ તેમના પર મુકેલા વિશ્વાસને વધુ મજબુત કરવા પ્રયત્ન કરશે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.

મધુર ડેરીના ચેરમેન તરીકે સતત ૫ માં વર્ષે શંકરસિંહ રાણાની નિમણુક કરવામાં આવી છે. વર્ષ-૨૦૧૫માં પાંચ વર્ષ માટે પાંચમીવાર યોજાયેલી નિયામક મંડળની ચુંટણીમાં પ્રગતિ પેનલના કુલ ૮ ડીરેકટરો બિનહરિફ તેમજ ૪ મહીલા ડિરેકટરો પ્રગતિ પેનલના બેનર હેઠળ ચુંટાયા છે. જેના અનુસંધાને નિયમ મુજબ ચેરમેનની વરણી અંગેની બેઠક આજે મળી હતી. જેમાં મધુર ડેરીના ચેરમેન તરીકે સતત પાંચમા વર્ષે શંકરસિંહ રાણાની વરણી કરવામાં આવી છે. ૧૨ સભ્યો તેમજ અન્ય નિયુકત અધિકારીઓના બોર્ડમાં હાજર સભ્યોથી કોરમ થતા ચેરમેન પદ માટે ડો શંકરસિંહ રાણાના નામનુ એકમાત્ર ફોર્મ ભરવામાં આવ્યુ હતુ. તેમના નામની દરખાસ્ત નાનાચિલોડા દુધ મંડળીના ચેરમેન અને બિનહરિફ ડિરેકટર સોમાજી બારૈયાએ કરી હતી. આ દરખાસ્તને તારાપુર દુધ મંડળીના ચેરમેન હર્ષદ નટવરલાલ બારોટે ટેકો જાહેર કર્યો હતો. જેના અંતે સતત પાંચમી વાર ચેરમેન પદે શંકરસિંહ રાણાને ચેરમેન તરીકે ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ડો રાણા કલોલ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ છે. જયારે છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત યુનિવર્સિટી આચાર્ય મંડળના બિનહરિફ સેનેટ સભ્ય છે. પશુપાલકોનુ હીત સાચવવા માટે બધુ જ કરી છુટવા માટે તત્પર રહેતા શંકરસિંહ રાણાના વહીવટ

● અનુસંધાન પાન-૭ પર

આજે શુભારંભ
Vશાલ હવે કુડાસણમાં પણ
SUPER MARKET
તા. ૨૧-૧૦-૨૦૧૫ બુધવારથી આપ સૌના સાથ અને સહકારથી અમારી નવી શાખાનો શુભારંભ કરીએ છીએ
સમયઃ- સવારે ૮.૩૦ થી આપના આગમન સુધી
-: શુભ સ્થળ :-
એ-૧, શિવાલય ઘ-રોડ, કુડાસણ,ગાંધીનગર
મો.૯૮૨૫૩ ૫૩૫૩૮

આમંત્રણ
"અરિહંત એક્સક્લુઝીવ"
નવા રંગ-રૂપ સાથે વિશાળ જગ્યામાં
વિગ્રહી સૌ કારણ આપના,
આગ્રહી છીએ આપની શુભેચ્છાના...
- હિરેન હસમુખરાય જાટકીયા
તારીખ: ૨૨-૧૦-૨૦૧૫, વિજયા દશમી
સમય: આપના આગમન સુધી
સ્થળ: પ્લોટ નં. ૧૯૮, બેઝમેન્ટ, બેંક ઓફ બરોડાની લાઈનમાં, સેકટર-૨૧,
ફોન નં : ૦૭૯ ૨૩૨૪૯૫૧૬ (ઓ)
મો: ૯૯૦૯૯૭૫૯૯૩
email : hiren2708@gmail.com
શુટીંગ-શર્ટીંગ, જેન્ટસ વિયર, ચિલ્ડ્રન વિયર, હેન્ડલુમ
સ્કુલ યુનિફોર્મ, સ્કુલ બેગ, સ્ટાફ યુનિફોર્મ, સિઝન વિયર

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria "The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0,સરગાસણ ચાર રસ્તા,ગાંધીનગર

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર આયોજિત
સૌરાષ્ટ્ર-કચ્છની ભાતીગળ સંસ્કૃતિની ઝલક ફરીવાર ગાંધીનગરના આંગણે
રાસ, પ્રાચીન-અર્વાચીન ગરબા, અઢિંગો, દાંડિયા રાસ, ગોફરાસ, હુડો, રાસડો, ચલતી રાસ, માંડવડી, મણિયારો, ખેડૂતરાસ, મિશ્રરાસ વગેરે...........
હાલોને આપણા મલકમાં
શક્તિપરા માલધારી રાસમંડળ, સુરેન્દ્રનગર ● જય અંબે ગરબી મંડળ, ડુમિયાણી-ઉપલેટા ● સપ્તક ફોક ડાન્સ ગૃપ, ગોંડલ ● જેસીગપરા રાસ મંડળ, અમરેલી ● પોલીસ રાસ મંડળ, જામનગર
સ્થળઃ થનગનાટ ગરબા ગ્રાઉન્ડ, શાલીન કોમ્પલેકસ સામે, સે-૧૧, ગાંધીનગર.
તારીખ : ૨૩-૧૦-૨૦૧૫, શુક્રવાર ● રાત્રે ૮-૩૦ કલાકેથી
પ્રવેશ નિયંત્રિત
એન્ટ્રી પાસ માટે સંપર્ક
મો. : ૯૮૨૪૦૨૯૯૦૨, ૯૪૨૭૫૨૫૨૭૫, ૯૪૨૮૨૧૮૬૨૫ તથા ઈગલ ન્યૂઝ કાર્યાલય.